#176

Hardwork without Goal is Fatigue..😯

મિત્રો,

કલ્પના કરો કે આપણે આખો દિવસ કાર ચલાવીએ છીએ… પેટ્રોલ પણ ભરાવ્યુ છે… સ્ટિયરિંગ પણ પકડ્યું છે… પરંતુ જવું ક્યાં છે એ જ નક્કી નથી. દિવસના અંતે શું મળશે? માત્ર થાક.

જીવનમાં પણ આવું જ થાય છે. Goal વગરની મહેનત એટલે દિશા વગરની દોડ. આપણે વ્યસ્ત તો ખૂબ રહીશું, પરંતુ આગળ નહીં વધીએ.

જ્યારે Goal સ્પષ્ટ હોય છે, ત્યારે એ જ મહેનત બોજ નથી લાગતી. કારણ કે દરેક પગલું આપણને આપણા સપના તરફ લઈ જઈ રહ્યું હોય છે.

તેથી દરરોજ પોતાને એક પ્રશ્ન પૂછો: “હું આજે જે મહેનત કરું છું, એ મને કયા Goal તરફ લઈ જાય છે?”

જો જવાબ સ્પષ્ટ હોય, તો થાક પણ સંતોષમાં બદલાઈ જાય છે.

મિત્રો યાદ રાખીએ,

“મહેનત સફળતા અપાવે છે, પરંતુ Goal વાળી મહેનત અસાધારણ સફળતા અપાવે છે.”

દિશા વગરની દોડ કરતાં, દિશા સાથેનું એક પગલું વધુ મૂલ્યવાન છે.